ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

આઝાદી કા અમૃત મહોત્સવ

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ- 1890/06/2023** **તા:19/06/2023**

કોંગ્રેસના પુર્વ ધારાસભ્ય અને ઉત્તર ગુજરાત બક્ષીપંચ સમાજના આગેવાન શ્રી ગોવાભાઇ રબારી તેમજ નવસારી વિજલપોર કોંગ્રેસના પ્રમુખશ્રી જગમલભાઇ દેસાઇ આજે તેમના સમર્થકો સાથે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના વરદ હસ્તે ખેસ અને ટોપી ધારણ કરી ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા.

----

વિધાનસભા ચૂંટણીમાં રૂપિયા લઇ ઉમેદવારોને ટીકિટ આપી તેવો આક્ષેપ કોંગ્રેસના જ કાર્યકરો કર્યો જેના કારણે ગુજરાતના કોંગ્રેસના પ્રદેશ પ્રમુખને બદલવા પડયા છે. – શ્રી સી.આર.પાટીલ

----

કોંગ્રેસે ગુજરાતની કમાન એવા નેતાને આપી છે જે ચૂંટણીમા માંડ માંડ જીતે છે. – શ્રી સી.આર.પાટીલ

----

આજે દેશનું નેતૃત્વ બે મોટા નેતા કરે છે તે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબ ઉત્તર ગુજરાતના જ છે.- શ્રી સી.આર.પાટીલ

----

જે પાર્ટીમાં ભ્રષ્ટાચાર થતો હોય તે પાર્ટીમા સાંસદ બે ટર્મથી ચૂંટાતા નથી અને આવનાર ચૂંટણીમાં પણ કોઇ ઉમેદવાર નહી ચૂંટાય તેવો વિશ્વાસ છે.
– શ્રી સી.આર.પાટીલ

----

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

<u>આજે ગુજરાત સહિત દેશભરમાં વિકાસની રાજનીતી ચાલી રહી છે તેમાં સૌ સાથે મળી ભાજપની વિચારધારા સાથે જોડાય રાજયમાં વિકાસના કાર્યોમાં સાથ આપીશું. – શ્રી ગોવાભાઇ રબારી</u>

----

<u>લોકસભા ચૂંટણીમાં શ્રી સી.આર.પાટીલજીના આદેશને અનુસરી ભારતીય જનતા પાર્ટીને વધુ મજબૂત કરીશું. – શ્રી ગોવાભાઇ રબારી</u>

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, વૈશ્વીક નેતા અને વિકાસ પુરુષનુ બીરુદ મેળવનાર દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ તેમજ દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબની રાષ્ટ્રવાદ અને વિકાસની રાજનીતીથી પ્રેરાઇ જૂદી-જુદી રાજકીય પાર્ટીના આગેવાનો અને સામાજીક આગેવાનો ભારતીય જનતા પાર્ટીમાં જોડાઇ રહ્યા છે ત્યારે કોંગ્રેસના પુર્વ ધારાસભ્ય અને ઉત્તર ગુજરાત બક્ષીપંચ સમાજના આગેવાન શ્રી ગોવાભાઇ રબારી તેમજ નવસારી વિજલપોર કોંગ્રેસના પ્રમુખશ્રી જગમલભાઇ દેસાઇ આજે તેમના સમર્થકો સાથે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના વરદ હસ્તે ખેસ અને ટોપી ધારણ કરી ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા. બનાસકાંઠા જિલ્લાના પ્રમુખશ્રી શ્રી કિર્તીસિંહ વાઘેલાએ અને રાજયનામંત્રીશ્રી બળવંતસિંહ ચૌહાણએ સ્વાગત પ્રવચન કર્યુ હતું.

પેજ સમિતિના પ્રણેતા અને પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ સંબોધન કરતા જણાવ્યું કે, આજે ગોવાભાઇ રબારી અને તેમના સમર્થકોને વિધિવત રીતે પ્રવેશ આપ્યો છે સૌનું ભાજપમાં સ્વાગત છે. કોંગ્રેસ પર પ્રહાર કરતા જણાવ્યું કે, વિધાનસભા ચૂંટણીમાં રૂપિયા લઇ ઉમેદવારોને ટીકિટ આપી તેવો કોંગ્રેસના જ કાર્યકરો આક્ષેપ કર્યો જેના કારણે કોંગ્રેસે ગુજરાતના પ્રમુખને બદલવા પડયા છે. કોંગ્રેસે ગુજરાતની કમાન એવા નેતાને આપી છે જે ચૂંટણીમા માંડ માંડ જીતે છે. આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને દેશના અને વિશ્વના

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

નેતાઓ પણ વિકાસપુરુષ તરીકે ઓળખે છે. મોદી સાહેબે ગુજરાત સહિત દેશભરમાં વિકાસની રાજનીતી સ્થાપી છે. આજે બે મોટા નેતા જે દેશનું નેતૃત્વ કરે છે તે ઉત્તર ગુજરાતના છે. જે પાર્ટીમાં ભ્રષ્ટાચાર થતો હોય તે પાર્ટીમા સાંસદ બે ટર્મથી ચૂંટાતા નથી અને આવનાર ચૂંટણીમાં પણ કોઇ ઉમેદવાર નહી ચૂંટાય તેવો વિશ્વાસ છે. આવનાર લોકસભાની દરેક બેઠકમાં આપણો ઉમેદવાર પાંચ લાખની લીડ સાથે જીતે તે પ્રકારે આયોજન કરવાનું છે.

શ્રી પાટીલજીએ વધુમાં જણાવ્યું કે, કેન્દ્રમાં શ્રી મોદી સાહેબની સરકાર બનતા દેશની સુરક્ષા મજબૂત કરી છે. આજે આપણી સેનાના જવાનો આંતકીઓને દેશની સરહદ પર ધુસવા નથી દેતા. આજે સેના આપણા દેશના બનાવેલા શસ્ત્રોનો ઉપયોગ કરે છે,કોરોનામાં પણ રસી આપણા દેશે આપણને આપી જે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની આત્મનિર્ભર ભારતની દેન છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જનતાને જે પણ વચનો આપ્યા છે તે પુર્ણ કર્યા છે. કલમ 370,રામ મંદિરનું નિર્માણ,ત્રીપલ તલાક સહિતના અનેક વચનો પુર્ણ કર્યા છે. કોંગ્રેસની સરકારમાં દેશ આર્થિક સ્થિતિમાં 10માં ક્રમે હતો અને આજે આપણો દેશ પાંચમાં નંબરે આવે છે. નવ વર્ષમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વિકાસનો મજબૂત પાયો બાંધ્યો છે આવનાર 25 વર્ષ દેશને મહસત્તા બનાવવા ફરી એક વાર મોદી સરકાર બનાવવા સૌ સાથે મળી પ્રયાસ કરીએ.

આ કાર્યક્રમમાં શ્રી ગોવાભાઇ રબારીએ સંબોધન કરતા જણાવ્યું કે, આજે ખૂબ મોટી સંખ્યામાં સમર્થકો સાથે ભારતીય જનતા પાર્ટીમાં જોડાયો છું. સમાજ અને મારા સાથીદારોને નતમસ્તક થઇને નમન કરુ છું. છેલ્લા 35 વર્ષથી રાજનીતીક કાર્યકાળમાં સમાજની તાકાતથી મોટો થયો છું આજે ગુજરાત સહિત દેશભરમાં વિકાસની રાજનીતી ચાલી રહી છે તેમાં સૌ સાથે મળી ભાજપની વિચારધારા સાથે જોડાય રાજયમાં વિકાસના કાર્યોમાં સાથ આપીશું. ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીમાં શ્રી સી.આર.પાટીલજી અને ભાજપા કાર્યકરોએ ઐતિહાસીક બેઠક જીતાડવામાં સખત પરિશ્રમ કર્યો છે. આવનાર ચૂંટણીમાં શ્રી સી.આર.પાટીલજીના આદેશને અનુસરી ભારતીય જનતા પાર્ટીને વધુ મજબૂત કરીશું.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
આઝાદી કા અમૃત મહોત્સવ
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આ કાર્યક્રમમાં બનાસકાંઠા જીલ્લા પ્રમુખશ્રી કીર્તિસિંહ વાઘેલા,પ્રદેશ મહામંત્રીશ્રી રજનીભાઈ પટેલ,રાજ્ય સરકારના મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત,જીલ્લા પ્રભારી તેમજ પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી જયંતીભાઈ કવાડિયા,સાંસદ શ્રી પરબતભાઈ પટેલ,પ્રદેશ મંત્રીશ્રીઓ શ્રીમતી નૌકાબેન પ્રજાપતિ,શ્રીમતી જયશ્રીબેન દેસાઈ,ધારાસભ્યશ્રીઓ શ્રી કેશાજી ચૌહાણ,શ્રી પ્રવીણભાઈ માળી,શ્રી માવજીભાઈ દેસાઈ,શ્રી અનિકેતભાઈ ઠાકર,પૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રી હરિભાઈ ચૌધરી,ખેતી બેંકના ચેરમેન શ્રી ડોલરભાઈ કોટેચા,પૂર્વ મંત્રીશ્રી હરજીવનભાઈ પટેલ,પૂર્વ ધારાસભ્યશ્રી શશીકાંતભાઈ પંડ્યા,શ્રી રણછોડભાઈ દેસાઈ,શ્રી બાબુભાઈ દેસાઈ,શ્રી સાગરભાઈ રાયકા,પ્રદેશ માલધારી સેલના સંયોજક શ્રી સંજયભાઈ દેસાઈ,પ્રદેશ કન્વીનર ડૉ યજ્ઞેશભાઈ દવે, પદાધિકારીઓ તેમજ સાધુ-સંતો સહીત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મીડિયા કન્વીનર)